જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૦/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૪૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૮	૦	૧૧૭૦૮	૧૭૮૧૮	૦	૧૭૮૧૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ**	૭૨૯૦૨	૨૧૪	૭૩૧૧૬	૭૩૯૪૧	૧૭૧	૭૪૧૧૨
કુલ		૮૯૪૫૯	૨૧૪	૮૯૯૭૩	૯૮૪૩૪	૧૭૧	૯૮૬૦૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૦	૪,૦૫,૫૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬૩	૩,૬૩,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૪૪/૨૦૨૧**

કૃષ્ણનગરઃ સતીષભાઈ ધનુમલ સેકવાણી (ઉ.વ.૩૪) (રહે. જયશંકર સોસાયટી ઠક્કરનગર પોસ્ટ.ઓફિસની બાજુમાં ઠક્કરબાપાનગર) એ તા.૨૪/૧૦/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૧૯ નારોજ સતીષભાઈ સેકવાણીએ અનિલભાઈ ચંદ્રકાંત મોદી (રહે. શ્રીજી હાઈટ્સ મારૂતિ શો-રૂમ પાછળ વસ્ત્રાલ) અને રાસામલ્ટી વેન્ચર પ્રા.લી.કંપનીના માલીક રાજ શર્મા પાસેથી તેલના ડબ્બા નંગ-૭૦૦ કિમત રૂપિયા ૯,૪૫,૦૦૦/- ખરીદી કરી તેલના ડબ્બાના નાણાં ચુકવતા તેલના ડબ્બાની આજદિન સુધી ડીલીવરી નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરિયા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૯૪૫/૨૦૨૧**

શાહપુરઃ મોહંમદઆશીફ અબ્દુલકાદર શેખ (રહે. કુંભારવાળી પોળ નિશાદ બિલ્ડીંગ સામે શાહપુર) એ તા.૨૪/૧૦/૨૦૨૧ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ થી તા.૨૪/૧૦/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.ભરવાડ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૪૬/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ કોમલબહેન ઉમંગભાઈ પંડયા (ઉ.વ.૩૯) (રહે.ઓમકાર રેસીડન્સી લક્ષ્મીકુંજ સોસાયટી પાસે પારસનગર ઈસનપુર) તા.૨૪/૧૦/૨૦૨૧ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે નારોલથી લાંભા તરફ કિષ્ણા વિલા બંગલોઝ કો.ઓ.હા.સો. સામેથી સ્કુટર ચલાવી મિત્ર મનીષભાઈ સ્કુટર પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટાટા ૪૦૭ ગાડી નંબર જીજે ૨૨ ટી ૦૮૮૨ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા કોમલબહેન અને તેમના મિત્ર મનીષભાઈ પડી જતા ટાટા ગાડીનુ ટાયર કોમલબહેનના માથા પર ફરી વળતા કોમલબહેનનુ સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ અને મનીષભાઈને ઈજાઓ થઈ હતી. આ અંગેની ફરીયાદ કોમલબહેનના મિત્ર મનીષભાઈ તિવારીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

નવમાં માળેથી નીચે પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૪૭/૨૦૨૧**

સરખેજઃ અનવરભાઈ એહમદભાઈ શેખ (ઉ.વ.૭૬) (રહે. અલબ્રુઝ ફલેટ મકરબા સરખેજ) તા.૨૪/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે નવમાં માળે પોતાના રહેણાંકના દાદરાના સામે જાળીની બહાર ટી.વી.નો કેબલ રીપેર કરતા હતા ત્યારે નવમાં માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૪૮/૨૦૨૧**

પાલડીઃ કાદરમિયા નુરમિયા કાગદી (ઉ.વ.૪૩) (રહે. ચિનાઈગરાની પોળ, શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પાલડી એનઆઈડી નજીક ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

નારોલઃ દિનેશકુમાર નનકુપ્રસાદ મોર્યા (ઉ.વ.૨૦) (રહે. પોપટકાકા રો-હાઉસ પીપળજ ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૧ કલાક ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના ભાગે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.